# રસુલપુર ખાતે ગ્રામજનોએ અંડરબ્રીજની માગ સાથે રોડનુ કામ અટકાવ્યું







પ્રાંતિજ, તા. ૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના રસુલપુર ગ્રામજનો દ્વારા નેશનલ હાઈવે આઠ ઉપર આવીને રોડનું કામ અટકાવ્યું અંદર બ્રીજની માંગ સાથે રોડનું કામ બધ કરાવ્યું.

હાલ અમદાવાદ-હિંમતનગર નેશનલ હાઈવે આઠ હાલ છ માર્ગીય રોડનું કામ ચાલુ હોય અને પ્રાંતિજના રસુલપુરના લોકોને આ બાજુથી સામેની બાજુ જતી વખતે વારંવાર અકસ્માતનો ભોગ બન્યા છે અને ગ્રામજનોને જીવ પણ ગુમાવવાનો વારો આવ્યો છે. હાઈવે ઓથોરિટીમાં અંદર બ્રીજની રજુઆત કરવા છતાં પણ કોઈ પગલાં લેવામાં ના આવતા આજે રોડ ઉપર ડામર રોડનું કામ ચાલુ થતાં રસુલપુરના ગ્રામજનો દ્વારા રોડ ઉપર દોડી આવી રોડનું કામ અટકાવ્યું હતું. રોડ કોન્ટ્રાક્ટર સહિત પ્રાંતિજ પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને આખરે સમજાવટ બાદ મામલો થાળે પડયો હતો અને હાલ પુરતુ રોડનું કામ અટકાવ્યું હતું. ગ્રામજનો દ્વારા આ અંગે ગામમાં રેલી યોજીને નેશનલ હાઈવે ઓથોરિટી તથા જિલ્લા કલેક્ટર તથા ઉપર સુધી રજુઆતો કરવા છતાં અંડરબ્રીજ બનાવવામાં ના આવતાં અને આજરોજ ડામર રોડનું કામ ચાલુ થતાં ગ્રામજનોને ખબર પડતાં રોડ ઉપર દોડી આવ્યા હતા અને રોડનું કામ બંધ કરાવ્યું હતું. આવનાર દિવસોમાં પણ અંડરબ્રીજની માંગ નહી સ્વીકારાય તો ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલનની ચીમકી પણ ઉચ્ચારી છે.


### વડગામ તાલુકાના સિસરાણા ગામમાં

## બહારથી આવીને વસવાટ કરતા લોકોને ગામ છોડાવવા નક્કી કરાયું

### ગ્રામજનો એક્ત્રીત થઈ પંચાયતમાં ઠરાવ કરીને બહારથી આવીને રહેતા લોકોને ગામ છોડવા નોટીસ અપાઇ

વડગામ,

વડગામ તાલુકાના સિસરાણા ગામમાં એક બાળક સાથે બહારથી આવીને વર્ષોથી ગામમાં વસવાટ કરતા એક કુટુમ્બના કિશોર દ્વારા સૃષ્ટિ વિરુધ્ધનુ કૃત્ય કરાતાં સિસરાણા સહીત તાલુકા ભરમાં ચકચાર મચી જવા પામી છે. ત્યારે આવા કૃત્યબાદ સિસરાણા ગામના ગ્રામજનોમા ભારે રોષ ફેલાયો છે. અને ગ્રામજનો એકત્રીત થઈને પંચાયતમાં ઠરાવ કરાવીને બહારથી આવીને સિસરાણા ગામમાં રહેતા તમામ લોકોને દિન સાતમા ગામ છોડવા નોટીસ આપવામાં આવી છે.



નોટીસ

સીસરાણા ગ્રુપ ગ્રામ પંચાયત
મું.પો- સીસરાણા,તા.વડગામ
જી.બનાસકાંઠા-૩૮૫૪૨૧
તા.૨૯/૨/૨૦૨૦

પ્રતિશ્રી.
.....................................
.....................................

વિષયઃ- તા.૨૮/૨/૨૦૨૦ ના સાંજે ૫:૦૦ કલાકે બનેલી અઘટિત ઘટના અંતર્ગત તા.૨૯/૨/૨૦૨૦ ના ગ્રામસભામાં કરેલ ઠરાવ બાબતે.

આથી તમોને ઉપરોક્ત વિષયે અન્વયે નોટીસ આપી જણાવવામાં આવે છે કે મોજે-સીસરાણા ગામે તા.૨૮/૨/૨૦૨૦ ના સાંજે ૫:૦૦ કલાકે બનેલ અઘટિત ઘટના અંતર્ગત તા.૨૯/૨/૨૦૨૦ ના રોજ ૧૦:૩૦ કલાકે ગ્રામસભામાં થયેલ નિર્ણય બાબતે તમોને જાણ કરવામાં આવે છે કે સીસરાણા ગામમાં બહાર ગામના રહેતા લોકોને સીસરાણા ગામ છોડી જતા રહેવા અને પોતાની માલિકીના મકાન ધરાવતા હોયતો તે મકાન અન્ય ગ્રામજનોને વહેચી દેવા અને ભાડે રહેતા હોયતો મકાન ખાલી કરી પોતાના વતને જવા અને સીસરાણા ના ખેતરોમાં ઉધડ જમીન રાખી ખેતી કરતાં હોય તેઓએ તેમના કરાર પૂર્ણ થયે ગામ છોડવા અને કોઈએ ખેતીની જમીન ઉધડ ન રાખવા-જણાવવામાં આવે છે. આ બાબતે દિન-૭ માં ગામ છોડી જતાં રહેવા તમોને જાણકરવામાં આવે છે. તેમ કરવામાં-ચૂક કરશો તો તમારી સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

સ્થળ : સીસરાણા
તારીખ : ૨૯-૦૨-૨૦૨૦

સરપંચશ્રી
સીસરાણા ગ્રુપ ગ્રામ પંચાયત

નકલ રવાના :-

(૧) મહે.તા.વિ.અધિકારી સાહેબશ્રી વડગામ, તાલુકા પંચાયત કચેરી, વડગામ.

(૨) મહે.મામલતદાર સાહેબશ્રી વડગામ, મામલતદાર કચેરી, વડગામ.

અને આ બાબતે વડગામ ટી.ડી.ઓ. તેમજ મામલતદારને પણ જાણ કરાતા સિસરાણા ગામમાં વર્ષોથી રહેતા લોકોમાં ભારે ફફડાટ સાથે હડકંપ મચી જવા પામ્યો છે.

સિસરાણામા એક બાળક સાથે કરાયેલા સૃષ્ટિ વિરુદ્ધના કૃત્ય ના ઘેરા પ્રત્યાઘાત પડયા છે.તા ૨૯/૨/૨૦૨૦ ના ગ્રામજનો ભેગા થયા હતા અને ગામમાં બહારથી આવીને વર્ષોથી વસવાટ કરતા લોકોને ગામ છોડાવવા નિર્ણય કરાયો હતો. જેમા સિસરાણા ગામમાં બહારથી આવીને પોતાનું મકાન ધરાવતા લોકોને મકાન વેચીને તેમજ ભાડાથી રહેતા લોકોને મકાન ખાલી કરીને પોતાના વતન પરત જવા નોટીસ આપવામાં આવી છે. જયારે ખેતી સાથે સંકળાયેલા બહાર ગામના લોકોને પણ તેમના કરાર પુર્ણ થયે ગામ છોડવા જણાવ્યું છે. તેમજ ગામના લોકોને બહારથી આવતા લોકોને ખેતીની જમીન ઉધડ તેમજ વાવવા ન આપવા માટે પણ ગ્રામજનો દ્વારા નિર્ણય લેવાયો છે અને બહારથી આવેલા આયાતી તમામ લોકોને દિન સાતમા ગામ છોડવા નોટીસ અપાતા બહારથી આવીને રહેતા લોકોમાં હલચલ મચી ગઈ છે. સિસરાણા ગામમાંથી એક બહાર ગામનો યુવક એક યુવતીને ભગાડી જતાં ગામમાં ઉપરા ઉપરી આ બીજો બનાવ બનતા ગ્રામજનો ચિન્તિત બન્યા છે અને આયાતી લોકોને પોતાના વતનમાં પરત જવા જણાવાયું છે.

બોક્સ સિસરાણા ગામમા ૧૮ થી ૧૯ જેટલા લોકો બહારથી આવીને વર્ષોથી રહે છે. જેમા કેટલાક લોકો પોતાના મકાનો ધરાવે છે જ્યારે કેટલાક ભાડાથી રહે છે તમામને ગામ છોડવા નોટીસ આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

# તાજપુર કેમ્પ પાસે ટ્રક અને કાર ટકરાતાં આગમાં ત્રણ ભડથું

તલોદ, તા. ૧

અમદાવાદ-મોડાસા રાજ્ય ધોરીમાર્ગ ઉપરના સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના તાજપુર કેમ્પ-પાસીના મુવાડા પંથકમાં ગત રાત્રીએ ભારવાહક ડમ્પર ટ્રક અને કારની ટક્કરનો ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ ટક્કરમાં સીએનજી કારમાં આગ ફાટી નીકળી હતી. જેમાં ફસડાઈ પડેલા ૩ વ્યક્તિઓ બળીને ભડથું થઈ જતાં કમકમાટીભર્યા મોતને ભેટ્યા હતા. જેમાં કારના ચાલક અને બે મુસાફરો હોવાનું મનાય છે. જે પૈકીના કારના ચાલકની ઓળખ થવા પામી છે જેનુ નામ અંકિત મખરામસિંઘ વણઝારા (ઉં.વ. આ. ૨૫) રહે. નરોડા અમદાવાદ હોવાનું જાણવા મળેલ છે. આ અકસ્માતમાં કારનો લગભગ હિસ્સો બળીને 'કોલસો' થઈ ગયો હતો. તે જ રીતે અકસ્માતમાં લાગેલી આગમાં ભડથું થઈ ગયેલા ૩ વ્યક્તિઓના દેહ પણ કોલસામાં પરિણ્યા હતા. જેની ઓળખ કરવી પણ મુશ્કેલ ભરી બાબત હતી.



તલોદ તાલુકાના મોડાસા રોડ ઉપરના તાજપુર કેમ્પ-પાસીના મુવાડા પંથકમાં ગતરોજ તા. ૨૮ ફેબ્રુઆરી-૨૦૨૦ની રાત્રે ૧૧.૩૦ કલાકના સુમારે ઘટેલ આ જીવલેણ ઘટનાની પ્રાપ્ય માહિતી અનુસાર નિસાન કંપનીની કાર અને મહાકાય ભારવાહક ટ્રક જોરદાર ધડાકા સાથે ટકરાયા હતા. જેથી મનાય છે કે કારમાં આગ લાગી હતી. સીએનજી ગેસ જોડાણવાળી કાર હોવાને કારણે 'બળતામાં ઘી હોમ્યા' જેવી સ્થિતિ પેદા થઈ હતી અને પળવારમાં જ હોળીના ભડકા જેવી ફાટી નીકળેલી આગની લપકારા લેતી જ્વાળાઓમાં ૩ વ્યક્તિઓ અને કાર લપેટાઈ ગયા હતા. જે ગણતરીની મિનિટોમાં જ બળીને કોલસો થઈ ગયા હતા.

કારમાં લાગેલી જોરદાર આગમાંથી બચવા ચાલક સહિતના ૩ વ્યક્તિઓ કંઈક સમજે, વિચારે કે પ્રયાસ કરે તે પહેલાં તો ભડભડ લાગેલી આગમાં તે તમામના દેહ પણ કાર સાથે જ ભૂંજાઈ ગયા હતા અને ત્રણેયના કારના કાટમાળમાં જ કણસતી હાલતમાં કરૂણ મોત નિપજ્યા હતા. ભારવાહક ટ્રક નં. જીજે-૦૨-ઝેડઝેડ-૨૫૪૭ની ટક્કર નિસાન કંપનીની ડસ્ટન ગો કાર નં. જીજે-૧-ઈટી-૯૭૬૪ને લાગતાં સર્જાયેલા અકસ્માતની જાણ આસપાસના લોકોને થતાં ઘટનાસ્થળે લોકો દોડી પહોંચ્યા હતા. જો કે ત્યાં સુધીમાં કારમાં લાગેલી આગ વિકરાળ બની જતાં તેને કાબુમાં લેવા તેઓ અસમર્થ રહ્યા હતા. ઘટનાની જાણ તલોદ પોલીસને થતાં પોલીસ ઘટનાસ્થળે દોડી પહોંચી હતી. જેણે કોલસો થઈ ગયેલા ત્રણેય મૃતદેહોને તલોદ રેફરલ હોસ્પિટલમાં ખસેડવાની અને મૃતકોની ઓળખ કરવાની કવાયત હાથ ધરી હતી. જે અન્વયે આખરે કારના ચાલકની ઓળખ થવા પામી હતી. જે પૂર્વ સીઆરપીએફ જવાન મખરામસિંઘ મધુરસિંઘ વણઝારાના ૪ દિકરા પૈકીનો વચેટ દિકરો અંકિત વણઝારા (૨૫) હોવાનું જાણવા મળ્યું હતુ. અંકિત નરોડા ખાતે સાસરીમાં ગર જમાઈ તરીકે રહેતો હતો અને ટેક્ષી ચલાવી ગુજરાન ચલાવતો હતો.

# તલોદના કઠવાડાની ગ્રામસભામાં તકરાર થતાં ચેરમેને સરપંચને બચકા ભર્યા

તલોદ, તા. ૧

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના કઠવાડા ખાતે મળેલ એક ગ્રામસભામાં તકરાર થતાં ગામની દૂધ મંડળીના ચેરમેને ગામના સરપંચ અને ગ્રામસભાના અધ્યક્ષ એવા સુરેશ પટેલને બચકાં ભરી લઈ, નખથી ઈજાઓ પહોંચાડીને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હોવાની ફરિયાદ તલોદ પોલીસ દફતરે નોંધાવા પામી છે.

ફરિયાદ અન્વયેની વિગત એવી છે કે તા. ૨૮ ફેબ્રુઆરીની બપોરે તલોદ તાલુકાના કઠવાડા ગ્રામ પંચાયતના સરપંચ સુરેશભાઈ મગનભાઈ પટેલના અધ્યક્ષસ્થાને એક ગ્રામસભાનું આયોજન થયું હતું. જે સભામાં તાલુકા પંચાયતના અધિકારી રામસિંહ દેવડા તથા ગામના તલાટી કમ મંત્રી નીતાબહેન પટેલ અને ગ્રામજનો પણ હાજર હતા. તે સમયે ગામની



દૂધ મંડળીના ચેરમેન જયંતીભાઈ શકરાભાઈ પટેલ પણ હાજર હતા. ફરિયાદમાં કરેલ દાવા મુજબ જયંતીભાઈએ સુરેશભાઈને સવાલ કર્યો હતો કે અમોને પૂછ્યા વગર મિટીંગ કેમ બોલાવી છે જેના પ્રત્યુત્તરમાં સુરેશભાઈએ જણાવેલ કે સરકારના કાર્યક્રમ મુજબ મિટીંગ બોલાવેલ છે.

આ નાનકડી ચિનગારી જાણે કે ભડકો થઈ હોય તેમ બિભત્સ ગાળાગાળી સાથે તકરાર ઉગ્ર બની હતી. જેમાં જયંતીભાઈએ સુરેશભાઈના જમણા હાથની કોણીના ઉપરના ભાગે બચકા ભરી લીધા હતા. બાદ તેઓને નીચે પાડી દઈ હાથના નખથી ગાલ ઉપર ઈજાઓ કરીને શર્ટ ફાડી નાખી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જ્યાં દોડી આવેલ પિતા-પુત્રએ વચ્ચે પડી બચાવ કર્યો હતો.

# મોડાસા - પાવાગઢ બસ ડ્રાઈવરની અનોખી પહેલ

### મુસાફરો માટે સ્વખર્ચે બસમાં ઠંડા પાણીની વ્યવસ્થા કરતા મુસાફરોમાં આનંદ

મોડાસા, તા. ૧

સમગ્ર રાજયમાં ઉનાળાનું દબાતા પગલે આગમન થઈ રહયું છે. ઉનાળાની શરૂઆત સાથે પીવાના પાણીની સમસ્યાઓ પણ શરૂ થવા લાગી છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં બસોમાં મુસાફરી કરતાં મુસાફરોને પણ પીવાના પાણીની ઘણી તકલીફ ઉભી થતી હોય છે. ત્યારે બસમાં પીવાના પાણીની સમસ્યાને દુર કરવા મોડાસા બસ ડેપોના બેઝ નંબર ૧૩૭ ધરાવતા મોડાસાના મેઢાસણના વતની જોધ્ધા કેસરીસિંહએ અનોખી પહેલ કરી છે. સ્વખર્ચે બસમાં મુસાફરી કરતા મુસાફરોને ઠંડુ પાણી પીવા મળી રહે તેવા ઉમદા હેતુથી તેમની બસમાં ઠંડા મિનરલ પાણીનો જગની વ્યવસ્થા કરતા મુસાફરો સરાહના કરી રહ્યા છે.



મોડાસા એસટી ડેપોમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા કેસરીસિંહ જોધ્ધા હાલ મોડાસા-પાવાગઢ રૂટમાં બસ ડ્રાઈવર છે અને તેમના રુટ દરમ્યાન રોજના બસોથી ત્રણસો જેટલા મુસાફરો અવરજવર કરતા હોય છે. દિવસ અને રાત્રી દરમ્યાન બસમાં મુસાફરી કરતા બધા મુસાફરોને કેટલીક જગ્યાએ પીવાનું પાણી સહેલાઈથી મળી શકતું નથી તો કેટલાક મુસાફરો પીવાના પાણીની બોટલના પૈસા ખર્ચવાની ક્ષમતા ધરાવતા પણ હોતા નથી જેની નોધ લઈ જોધ્ધા કેસરીસિંહએ પોતાના સ્વખર્ચે બસમાં ઠંડા પાણીનું વોટર જગ મુકી પીવાના ઠંડા પાણીની વ્યવસ્થા ઉભી કરી સમાજમાં એક અનોખો દાખલો બેસાડ્યો છે. કેસરીસિંહ દ્વારા પોતાના પગારમાંથી આશરે મહિને ત્રણથી ચાર હજાર રૂપિયા જેટલો ખર્ચ કરી મુસાફરો માટે ઠંડા પાણીની વ્યવસ્થા કરતાં મુસાફરોએ પણ કેસરસિંહના આવકારદાયક પહેલને આવકારી હતી.

# કુડોલ પ્રાથમિક શાળાના લંપટ આચાર્યને જેલની હવા ખાવાનો વારો

### ભોગ બનેલ વિદ્યાર્થિની માતાએ પોક્સો એક્ટ હેઠળ નોંધાવી ફરિયાદ

મોડાસા, તા. ૧

મોડાસા તાલુકાની કુડોલ પ્રાથમિક શાળાના હવસખોર આચાર્ય કિરીટ આર. પટેલે ધોરણ-૮ માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીને ઓફિસમાં બોલાવી અડપલાં કરી છેડતી કરતા વિદ્યાર્થિનીને ઘરે પહોંચી પરિવારજનોને જાણ કરતા શાળાએ દોડી ગયા હતા. શિક્ષકે શિક્ષણજગતના લીરેલીરા ઉડાવી દેતી ઘટનાના પગલે ગ્રામજનોએ હોબાળો મચાવી આચાર્યને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવે અને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેની માંગ કરી હતી. આ ઘટનાના પગલે નાયબ જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સ્ટાફ અને મોડાસા રૂરલ ડીવાયએસપી ઈશ્વર પરમાર અને તેમની ટીમ ઘટનાસ્થળે પહોંચી લંપટ આચાર્ય કિરીટ પટેલની અટકાયત કરી હતી. છેડતીનો ભોગ બનેલી વિદ્યાર્થીની માતાએ હવસખોર આચાર્યને પાઠ ભણાવવા માટે મોડાસા રૂરલ પોલીસસ્ટેશનમાં પોક્સો એક્ટ હેઠળ ગુન્હો નોંધાવતા પોલીસે જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

રાજ્યમાં દિનપ્રતિદિન લંપટ શિક્ષકોની સંખ્યા વધતી જાય છે. રાજ્યના અનેક તાલુકા અને જિલ્લાઓમાંથી શિક્ષણને જગતને શર્મસાર કરતી ઘટનાઓ ઘણી વખત સામે આવતી હોય છે.



કેટલાક શિક્ષકો વાસનાના ભૂખ્યા વરુ બની વિદ્યાર્થીઓની છેડતી કરી તેમની હીન માનસિકતા છતી કરતા શિક્ષણજગતને ધબ્બો લગાડતા હોય છે રાજ્યમાં વિદ્યાર્થીનીઓની છેડતી કરવાની સાથે અભદ્ર માંગણીઓ કરતા હોવાની સાથે પ્રેમના આડમાં વિદ્યાર્થીનીઓને હવસનો શિકાર પણ બનાવી હોવાની ઘટનાઓ બનતી રહે છે. વિદ્યાર્થિનીના વાલીઓ તેમની પુત્રીની આબરૂ જવાના બીકે પોલીસ ફરિયાદ કરવાનું પણ ટાળતા હોય છે. કેટલાક કીસ્સાઓમાં કોઈના દબાણવશ ફરિયાદ કરવાનું ટાળતા હોવાથી આવા લંપટ શિક્ષકોને છૂટોદોર મળી જતો હોય છે.

મેઘરજ તાલુકાના શણગાલ ગામનો અને કુડોલ પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવતા લંપટ કિરીટ રમણભાઈ પટેલ શિક્ષણના પાઠ ભણાવવાનું ભાન ભૂલી વિદ્યાર્થીની સાથે છેડતી કરી અભદ્ર માંગણી કરતા પિતાતુલ્ય આચાર્યની હરકતથી વિદ્યાર્થીની ગભરાઈ ગઈ હતી અને પરિવારજનોને જાણ કરતા શનિવારે શાળાએ પહોંચી હોબાળો મચાવતા ગ્રામજનોને ઘટનાની જાણ થતા તેમને પણ હોબાળો મચાવી લંપટને કાયદાનું ભાન કરાવવાની માંગ કરી હતી અને વિદ્યાર્થીની માતાને હિંમત આપતા ભોગ બનેલી વિદ્યાર્થીની માતાએ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં કિરીટ આર. પટેલ વિરુદ્ધ પોક્સો એક્ટ હેઠળ ફરિયાદ નોંધાવતા મોડાસા રૂરલ પોલીસે કિરીટ પટેલને જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ડીસા શહેરમાં પત્રકાર એકતા સંગઠનની રચના કરાઈ



ડીસા

બનાસકાંઠાના દરેક તાલુકાઓમાં પત્રકાર એકતા સંગઠનની રચના કરવાની કવાયત વચ્ચે આજે જીલ્લા પ્રમુખ વસંતભાઈ ગોસ્વામી ના અધ્યક્ષસ્થાને તેમજ પ્રદેશ સંગઠન મંત્રી પ્રધાનસિંહ પરમાર, ભીલડી પ્રમુખ નરસિંહ દેસાઈ વડાવલ , સહિત અન્ય અગ્રણીઓની ઉપસ્થિતિમાં રવિવારે ડીસાના વિશ્રામ ગૃહ ખાતે યોજાયેલી ડીસા શહેર ના પત્રકારોની બેઠકમાં પત્રકાર એકતા સંગઠનની રચના કરી નવા હોદ્દેદારોની વરણી કરાઈ હતી જેમાં ડીસા શહેર પત્રકાર એકતા સંગઠનના પ્રમુખ તરીકે દીલીપભાઈ ત્રિવેદી , ઉપપ્રમુખ તરીકે રવિભાઈ ખત્રી તથા હર્ષદભાઈ સોની, મહામંત્રી તરીકે કાંતીભાઈ લોધા તથા આનંદભાઈ ઠક્કર, મંત્રી તરીકે અંકુરભાઈ ત્રિવેદી તથા નિરજભાઈ બોડાણા , સહમંત્રી તરીકે કાંતીભાઈ જોષી તથા હસમુખભાઈ ઠક્કર , ખજાનચી તરીકે દરગાભાઈ સુંદેશા અને આઈટી સેલના કન્વીનર તરીકે પ્રતિકભાઈ રાઠોડની બિનહરીફ વરણી કરાઈ હતી. ડીસા પત્રકાર એકતા સંગઠનના હોદેદારોએ એકબીજાને અભિનંદન પાઠવી શુભેચ્છાઓ આપી હતી.

ડીસા શહેરની રચના બાદ ઉપસ્થિત પત્રકાર મિત્રોએ નવા હોદ્દેદારોનું ફુલહાર સાથે સ્વાગત કરી મો મીઠું કરાવી પત્રકાર એકતા સંગઠનની રચનાને વધાવી લીધી હતી.

# પ્રાંતિજના સલાલ ખાતે વનપાલ નિવૃત થતાં વિદાય સમારંભ યોજાયો

પ્રાંતિજ, તા. ૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના સલાલ ખાતે છેલ્લા ફરજ બજાવતા એન.જે. વાળંદ કે જેવો સરકારી ધારા ધોરણ મુજબ વય મર્યાદાને લઈને નિવૃત્ત થતાં કે



કેટલાય વર્ષોથી વનપાલ તરીકે ફરજ બજાવતા નંદ કિશોરભાઈ સરકારી ધારા ધોરણ મુજબ વય મર્યાદાને લઈને નિવૃત્ત થતાં વિદાય સમારંભ યોજાયો.

પ્રાંતિજના સલાલ ખાતે આવેલ સલાલ નર્સરી ખાતે છેલ્લા કેટલાય સમયથી વનપાલ તરીકે જેવો પોતે નિવૃત થતાં તેવોનો વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં તાલુકા પ્રમુખ બેચરસિંહ રાઠોડ, નગરપાલિકા પ્રમુખ ગીતાબેન પટેલ, સાંપડ મંદિરના ટ્રસ્ટી જયંતિભાઈ પટેલ, સલાલ સરપંચ, આરએફઓ. જી.વી. દેસાઈ, વિસ્તરણ રેન્જ પ્રાંતિજનો તમામ સ્ટાફ, કે.એસ. સરવૈયા સહિત સગાસંબંધીઓ મિત્રો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા અને નિવૃત્ત થઈ રહેલ એન.જે. વાળંદને ફુલહાર પહેરાવીને શુભેચ્છાઓ શુભકામનાઓ પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમનું એલાઉન્સમેન્ટ આર.એસ. કોલેજ સોનાસણના પ્રિન્સીપાલ પી.એલ. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.